સદાબહાર સ્ટાઈલકિંગ
દેવ આનંદ

સંગત સિતારોં કી
★ સંજય છેલ

ગતમાં એકલે હાથે ૬૨ વર્ષ ફિલ્મો બનાવવાનો વિશ્વવિક્રમ જો કોઈ એક ફિલ્મ કંપનીના એક માલિકનો હોય, તો એ દેવ આનંદનો છે. એ એવરયંગ, કર્મઠ કલાકાર વિશે અનેક વાતો લખાઈ ચૂકી છે; હું મારી વાત કહીશ.

૧૯૮૯માં 'આનંદ રેકોર્ડિંગ સ્ટુડિયો'માં 'સાહિબા'નું ડબિંગ ચાલતું હતું. હું એના દિગ્દર્શક રમેશ તલવારનો ચોથો આસિસ્ટન્ટ હતો. અમારા ભાગે જુનિયર આર્ટિસ્ટોના અને ક્રાઉડના સંવાદોના ડબિંગનું સુપરવિઝન કરવાનું કામ આવેલું. દેવ આનંદના 'આનંદ રેકોર્ડિંગ સ્ટુડિયો'માં રાતદિવસ કામ ચાલતું. ત્યારે કમ્પ્યુટરાઈઝ્ડ ડબિંગ-રેકોર્ડિંગની સિસ્ટમ શરૂ નહોતી થઈ; એક-એક ડાયલોગ રેકોર્ડ કરવો પડતો. મારી અને બીજા આસિસ્ટન્ટની ભૂલને લીધે સ્ટુડિયોનું બુકિંગ કેન્સલ થયેલું. બોસને ખબર પડે તો નોકરી જાય એવી હાલત હતી. ત્યારે મોબાઈલ ફોન નહોતા કે જે ૨૦-૨૫ આર્ટિસ્ટોને બોલાવેલા તેમને તરત જાણ કરી શકાય. અમે ડરતાં-ડરતાં સ્ટુડિયોના માલિક દેવ આનંદ પાસે પહોંચ્યા. દેવ આનંદનો અમાપ કરિશ્મા, સ્ટારડમ અને ઉપરથી અમારી ભૂલ–એટલે વાત કરતાં જીભ ન ઊપડે. ડરતાં-ડરતાં મેં કહ્યું કે, "સર, અમારાથી બુકિંગ લેવામાં ભૂલ થઈ ગઈ છે. જો કામ અટકશે તો અમારી નોકરી જશે." તેમણે એક જ સેકન્ડમાં મેનેજરને ફોન જોડ્યો અને કહ્યું, "નાગપાલ, આજ મેરી હી ડબિંગ થી ના? કેન્સલ કરો ઔર લડકોં કો કામ કરને દો. ઉનકા ખતમ હો તબ બતાના, મૈં વેઈટ કરુંગા." મામૂલી જુનિયર આર્ટિસ્ટો માટે પોતાનું ડબિંગ કેન્સલ કરીને રાત્રે ૧૨ વાગ્યા સુધી તેમણે રાહ જોઈ. અમે 'થેંક યુ' કહેવા માટે વળીએ એ પહેલાં તો તેઓ વીજળીવેગે કેબિનની બહાર નીકળવા માંડ્યા અને પાછળ ફરી આંખ મારી એટલું જ કહ્યું, "કેરી ઓન, ધ સ્ટુડિયો ઈઝ ઓલ યોર્સ!"

દેવ આનંદના 'આનંદ રેકોર્ડિંગ સ્ટુડિયો'માં રાતદિવસ કામ ચાલતું, ત્યારે કમ્પ્યુટરાઇઝ્ડ ડબિંગ-રેકોર્ડિંગની સિસ્ટમ શરૂ નહોતી થઈ; એક-એક ડાયલોગ રેકોર્ડ કરવો પડતો

એ જમાનામાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કોફીમાં જરાક ખાંડ ઓછી હોય તો શૂટિંગ કેન્સલ કરનારા તુમાખીવાળા ફિલ્મસ્ટાર્સ પણ હતા. એવામાં દંતકથા સમાન દેવ આનંદ એક મામૂલી આસિસ્ટન્ટ ડિરેક્ટર માટે પોતાનું ડબિંગ કેન્સલ કરે–એ ખરેખર મોટી ઘટના કહેવાય. એ જ 'આનંદ' સ્ટુડિયોમાં ૨૦૦૧માં મેં લખેલી ફિલ્મ 'કહીં પ્યાર ના હો જાયે'નું ડબિંગ ચાલતું હતું. હું સલમાન ખાન સાથે ત્યાં હાજર હતો. લોબીમાં અમે ચા પીતા હતા ત્યારે પાછળથી સલમાનને દેવસાહેબે એક ધબ્બો માર્યો. સલમાને ફરીને જોયું અને કહ્યું, "દેવસા'બ, કૈસે હો?"

દેવસાહેબે તરત જ કહ્યું, "સલમાન, કિતની બાર કહું–કોલ મી દેવ! સુનો, અગલે વીક ક્યા કર રહે હો? મેરી નયી ફિલ્મ કા સેટ લગા હુઆ હૈ, એક ગાને મેં સ્પેશિયલ એન્ટ્રી કરોગે?" સલમાને તરત જ વિનમ્રતાથી કહ્યું, "ઓહ સર, મૈં ઝરૂર આતા, પર મૈં લંડન જા રહા હૂં. આપ અગર વેઈટ કર લેં તો..."

સલમાન વાત પૂરી કરે એ પહેલાં જ દેવ આનંદે કહ્યું, "ઓહ, કોઈ બાત નહીં. આઈ અન્ડરસ્ટેન્ડ! ચલો, યે ગાના ભી મૈં હી પરફોર્મ કર લૂંગા. નેક્સ્ટ ટાઈમ!"

આમ બોલીને તેઓ નીકળી ગયા. કોઈ સિનિયોરિટીના દાવા નહીં, કોઈ મનાવવાની વાત નહીં કે સંબંધોનું કોઈ દબાણ નહીં. એક કલાકારની મુશ્કેલી બીજો કલાકાર સમજી લે એટલી સહજતા એટલે દેવ આનંદ.

૨૦૦૩માં હું સંગીતકાર જોડી જતીન-લલિતને મળવા તેમના ગીતના રેકોર્ડિંગમાં ગયો હતો. જતીન-લલિત હજી આવ્યા નહોતા. મ્યુઝિશિયન્સ અને રેકોર્ડિસ્ટ પૂર્વતૈયારી કરી રહ્યા હતા. સામાન્ય રીતે સંગીતકારના આસિસ્ટન્ટ્સ કે એરેન્જર્સ વાદકો પાસે રિહર્સલ કરાવે, વાજિંત્રો ટ્યૂન થાય, ત્યાર પછી સંગીતકાર આવે, ગાયકો ગાય અને છેલ્લે નિર્માતા-દિગ્દર્શક મોડા-મોડા આવીને સાંભળે તથા સુધારાવધારા કરાવે. પણ આશ્ચર્ય વચ્ચે, સવારે સાત વાગ્યાની શિફ્ટમાં દેવ આનંદ કોઈના પણ આવ્યા પહેલાં રેકોર્ડિંગ સ્ટુડિયો પહોંચી ગયેલા અને એક ખૂણામાં બેસીને શાંતિથી પુસ્તક વાંચી રહ્યા હતા. સંગીતકાર જતીને આવતાંવેંત જ ક્ષમા માગતા કહ્યું, "અરે દેવસા'બ, આપ ઈતની જલ્દી આ ગયે? અભી તો કાફી ટાઈમ લગેગા. આપને અભી સે ક્યું તકલીફ કી, હમ આપકો બુલા લેતે..."

દેવ આનંદે ૮૦મા વર્ષે હસીને કહ્યું, "ઈટ્સ ઓલરાઈટ! મૈં યહાં બૈઠૂંગા, તૈયારી દેખૂંગા, મ્યુઝિક સુનૂંગા, સ્ટુડિયો કી હવા મેં સાઁસ લૂંગા ઔર સિનેમા મહેસૂસ કરુંગા. ઘર પે બૈઠને સે યહાં મુઝે ઝ્યાદા મઝા આતા હૈ. ધીસ ઈઝ લાઈફ!" જે ઉંમરે લોકો મંદિરે દર્શન કરવા પણ માંડ જઈ શકતા હોય, એ ઉંમરે સવારે સાત વાગ્યે દેવસાહેબ સિનેમાને જીવવા માટે ટટ્ટાર શરીરે પહોંચી જતા! રણધીર કપૂરે મને એક શૂટિંગ દરમિયાન કમાલનો કિસ્સો કહ્યો હતો.

એ પ્રસંગ દેવસાહેબની જીવન-ફિલોસોફી અને બીજા કલાકારોના વલણને આમને-સામને મૂકીને અચંબો પમાડે એવો છે. રાજ કપૂરના સૌથી નાના દીકરા રાજીવ કપૂરનાં લગ્ન હતાં. રણધીર, ઋષિ વગેરેએ નક્કી કર્યું કે ઈન્ડસ્ટ્રીના પાંચ-સાત અગ્રણી લોકોને કંકોત્રી આપવા જાતે જવું, જેમ કે લતા મંગેશકર, દિલીપકુમાર, અમિતાભ બચ્ચન વગેરે. એક સવારે તેઓ દિલીપકુમારના ઘરે પહોંચ્યા. દિલીપકુમારે પોતાની ધીમી, મધ્યમ સુરાવલિમાં વાતો માંડી. ભારતના ભાગલાથી માંડીને મુઘલ સલ્તનત અને શેક્સપિયરથી લઈને મિર્ઝા ગાલિબ સુધીની ગોષ્ઠિ શરૂ થઈ. કલાકો સુધી તેઓ બોલતા રહ્યા. ઉર્દૂ-હિન્દી શબ્દોમાં અલંકારો ઉમેરી-ઉમેરીને વાતો કરતા રહ્યા.દિલીપસાહેબને ત્યાંથી સીધા જુહુ ખાતે દેવ આનંદના ઘરે કપૂર બંધુઓ પહોંચ્યા. દેવ આનંદે ગળામાં ટાઈ બાંધતાં-બાંધતાં કહ્યું, "બ્રધર્સ, યુ આર લેટ! બોલો, ક્યા બાત હૈ?" રણધીરે રાજીવના લગ્નનું કાર્ડ આપ્યું. દેવ આનંદે જોયું અને ઉત્સાહથી કહ્યું, "ઓફકોર્સ આઈ વિલ કમ! રાજીવ ઈઝ માય કલીગ, દોસ્ત હૈ. હમ સાથ-સાથ કામ કરતે હૈં ઈન્ડસ્ટ્રી મેં..." પછી પગરખાં પહેરીને નીકળતાં-નીકળતાં પોતાની નવી ફિલ્મ વિશે બે વાત કરી અને ઉમેર્યું, "ચલો, આપકો ઔર જગહ ભી કાર્ડ દેને જાના હોગા... ડોન્ટ વેસ્ટ ટાઈમ! ચિમ્પુને (રાજીવને) કહેજો કે તે મારો સાથી કલાકાર છે... ઓલ ધ બેસ્ટ!"

દેવસાહેબ માત્ર પાંચ જ મિનિટમાં વાત પૂરી કરીને ગાડીમાં બેસીને નીકળી પણ ગયા. ક્યાં દિલીપકુમાર જેવા સુપરસ્ટાર જે 'વીતેલા વર્ષો'ના અતીતરાગમાં અટવાઈને જીવતા હતા, અને ક્યાં આ માણસ જે પોતાના પૌત્રની ઉંમરના રાજીવ (ચિમ્પુ)ને પણ 'કલીગ' કહીને સન્માન આપતો હતો! દેવસાહેબની વાતોમાં ન તો રાજ કપૂરનો ભૂતકાળ હતો કે ન કોઈ જૂના જમાનાની વાતો; કારણ કે દેવસાહેબ હંમેશાં ભવિષ્યની આંખોમાં આંખ પરોવીને જીવ્યા હતા. ૬૧ વર્ષ સુધી સતત પૃથ્વી પર ફિલ્મો બનાવી અને ૬૫ વર્ષ અભિનય કર્યો–જે એક વિશ્વવિક્રમ છે.

યમરાજે પણ જ્યારે આ દેવનો ઓટોગ્રાફ માગ્યો હશે ત્યારે આ 'દેવ' હસીને બોલ્યા હશે, "વેઈટ, હું મારી નેક્સ્ટ ફિલ્મની સ્ક્રિપ્ટ લખવામાં વ્યસ્ત છું. ઈતની જલ્દી ભી ક્યા હૈ દોસ્ત, વેઈટ... દેવ આ રહા હૈ... આ જાયેગા!"૧૯૭૫માં ઈન્દિરા ગાંધી દ્વારા લાદવામાં આવેલી કટોકટી (ઈમર્જન્સી) વિરુદ્ધ ખુલ્લેઆમ અવાજ ઉઠાવનાર દેવ આનંદ એકમાત્ર મુખ્ય સ્ટાર હતા. ગુરુદત્ત, વિજય આનંદથી માંડીને ગીતકાર નીરજ, ટીના મુનિમ, જેકી શ્રોફ કે ઝીનત અમાન જેવી પ્રતિભાઓને ઈન્ડસ્ટ્રીમાં લોન્ચ કરનાર સર્જક એટલે દેવ આનંદ.

આગામી ૨૬ સપ્ટેમ્બરે આ સદાબહાર, સ્ટાઈલિશ અભિનેતા-દિગ્દર્શક સ્વ. દેવ આનંદ–જેમનો જીવનમંત્ર હતો 'ભૂલ જાઓ પુરાની બાતેં'–તેમની જન્મજયંતિ છે.

દિશા સાલિયાન કેસઃ
૬ વર્ષે CBI, સુશાંતનું રહસ્ય ઉકેલશે?

લાઈફ-ઓન
★ ફાલ્ગુની આશર

કોઈ નિર્દોષ ફસાવવો ન જોઈએ ને કોઈ દોષિત, ગમે તેટલો વગદાર હોય, બચવો ના જોઈએ. સીબીઆઈ તપાસ આવકારદાયક છે જો તે માત્ર અને માત્ર સત્ય સુધી પહોંચવાના આશયથી કરવામાં આવે તો. તપાસ એજન્સીઓએ કોઈપણ રાજકીય આકાંક્ષાઓ કે દબાણથી પર રહીને કામ કરવું પડશે. દિશા સાલિયાનના માતા-પિતાએ છેલ્લા છ વર્ષથી જે માનસિક યાતના ભોગવી છે અને તેમની પુત્રીના નામ સાથે જે ભાત-ભાતની વાતો જોડવામાં આવી છે, તેનો કાયમી અંત આવવો જોઈએ. સોશિયલ મીડિયા, સ્વતંત્ર પત્રકારો અને કાનૂની નિષ્ણાતો દ્વારા સતત સવાલો ઉઠાવવામાં આવ્યાઃ

શું આ માત્ર એક આકસ્મિક સંયોગ હતો?

શું દિશા સાલિયાન સુશાંત સિંહ રાજપૂતની પૂર્વ મેનેજર હોવાના નાતે એવી કોઈ મોટી અને ખતરનાક માહિતી ધરાવતી હતી જે અમુક વગદાર લોકો બહાર આવવા દેવા નહોતા માંગતા?

શું દિશાના મોતની રાત્રે યોજાયેલી પાર્ટીમાં એવા કોઈ હાઈ-પ્રોફાઈલ નામો હાજર હતા, જેમના રહસ્યો સુશાંત સુધી પહોંચી ગયા હતા?

પરિવારને સત્ય જાણવાનો અને ન્યાય મેળવવાનો સંપૂર્ણ હક છે.

બોમ્બે હાઈકોર્ટના કડક વલણ અને કાનૂની ઝાટકણી બાદ અંતે સુશાંત સિંહ રાજપૂતની પૂર્વ મેનેજર દિશા સાલિયાનના શંકાસ્પદ મોત મામલે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન એ વિધિવત FIR નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જૂન ૨૦૨૦માં ઘટેલી એ કમનસીબ ઘટનાને આજે છ વર્ષ જેટલો લાંબો સમય વહી ગયો છે, છતાંય આ કેસની આસપાસ વીંટળાયેલું રહસ્ય અકબંધ છે.

મુંબઈ પોલીસનાં પ્રાથમિક અકસ્માતે મોતના વાંઝિયાં તારણો, રાજ્ય સરકાર દ્વારા એસઆઈટી (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) ની રચના અને હવે દેશની સર્વોચ્ચ તપાસ એજન્સી સીબીઆઈનું આગમન – આ આખી સફર માત્ર એક તપાસનો વિષય નથી રહી, પરંતુ મહારાષ્ટ્રના રાજકારણનું સૌથી મોટું અને વિવાદસ્પદ પ્રકરણ બની ગઈ છે. હાઈકોર્ટના હુકમ પછી સીબીઆઈનું મેદાનમાં આવવું એ એક તરફ પીડિત પરિવાર માટે આશાનું કિરણ લઈને આવ્યું છે, તો બીજી તરફ રાજકીય ગલિયારામાં નવી ચર્ચા અને આક્ષેપ-પ્રતિઆક્ષેપનો વંટોળ ઊભો થયો છે.

સમગ્ર ઘટનાક્રમને શરૂઆતથી સમજીએ તો, જૂન ૨૦૨૦માં જ્યારે દિશા સાલિયાનનું મલાડ સ્થિત એક ઈમારતના ૧૪મા માળેથી પડી જવાથી મોત થયું, ત્યારે મુંબઈ પોલીસે તેને ઉતાવળે અકસ્માતે થયેલું મોત કે આત્મહત્યા ગણાવીને કેસ થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. મુંબઈ પોલીસનો સત્તાવાર દાવો એવો હતો કે દિશાએ દારૂના નશામાં કે માનસિક તણાવમાં આવીને બાલ્કનીમાંથી ઝંપલાવ્યું હતું. પરંતુ આ ઘટનાના માત્ર પાંચ જ દિવસ પછી, ૧૪ જૂન ૨૦૨૦ના રોજ, બોલિવૂડના ઉભરતા અને અત્યંત પ્રભાવશાળી અભિનેતા સુશાંત સિંહ રાજપૂતનો બાંદ્રા સ્થિત ફ્લેટમાંથી રહસ્યમય સંજોગોમાં મૃતદેહ મળી આવ્યો હતો.

સુશાંતના મોતની ખબરે આખા દેશને જબરો આંચકો આપ્યો, પરંતુ આ બંને મોતના સમયગાળા વચ્ચે રહેલા માત્ર પાંચ દિવસના અંતરે સમગ્ર કેસનો ચહેરો બદલી નાખ્યો. લોકો,

બોમ્બે હાઈકોર્ટના કડક વલણ અને કાનૂની ઝાટકણી બાદ અંતે સુશાંત સિંહ રાજપૂતની પૂર્વ મેનેજર દિશા સાલિયાનના શંકાસ્પદ મોત મામલે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન એ વિધિવત FIR નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે

સુશાંતના મોતે દિશાના કેસને એક નવો જ વળાંક આપ્યો હતો. એવા દાવા કરવામાં આવ્યા કે દિશાના મોત પહેલાં તેની સાથે કોઈ અપ્રિય ઘટના બની હતી અને સુશાંત આ વાત જાહેર કરવાનો હતો, જેથી તેને પણ રસ્તામાંથી હટાવી દેવાયો. મુંબઈ પોલીસે આ બંને કેસને અલગ અલગ ગણાવીને ફાઈલો બંધ કરવાની ઉતાવળ કરી, પરંતુ જનતાના મનમાં ઊભા થયેલા શંકાના વાદળો આજે છ વર્ષ પછી પણ હટ્યા નથી. મહારાષ્ટ્રમાં સત્તાપરિવર્તન થયા પછી શિંદે-ભાજપ સરકારે એસઆઈટી તપાસના આદેશ આપ્યા હતા. એસઆઈટી તપાસમાં પણ અનેક મુદતો પડી, પરંતુ કોઈ નક્કર કે તાર્કિક પરિણામ સામે ન આવ્યું. કેસમાં તારીખ પર તારીખ પડતી રહી અને સમય વીતતો ગયો. છેવટે, બોમ્બે હાઈકોર્ટે તાજેતરમાં જ રાજ્ય સરકાર અને તપાસ એજન્સીઓની ઢીલી નીતિ અને ધીમી ગતિ પર કડક ઝાટકણી કાઢી હતી. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં પૂછ્યું હતું કે સત્ય બહાર લાવવામાં આટલો બધો વિલંબ શા માટે? ન્યાય પ્રક્રિયામાં થતો વિલંબ એ પોતે જ અન્યાય સમાન છે. હાઈકોર્ટના આદેશ બાદ સીબીઆઈએ વિધિવત કેસ હાથમાં લીધો છે, જે દર્શાવે છે કે સ્થાનિક પોલીસ અને તપાસ તંત્રની ભૂમિકા પર ક્યાંક ને ક્યાંક મોટો અવિશ્વાસ ઊભો થયો હતો. પરંતુ હવે જ્યારે સીબીઆઈએ FIR નોંધીને તપાસનો દોર સંભાળ્યો છે, ત્યારે તેમની સામે અનેક ટેકનિકલ અને કાનૂની અડચણોનો પહાડ ઊભો છે. છ વર્ષ જેટલો લાંબો સમય વીતી ગયો હોવાથી ઘટનાસ્થળના પ્રાથમિક પંચનામા, ડિજિટલ પુરાવા અને ફોરેન્સિક સેમ્પલ્સ કેટલા સાચવી રાખવામાં આવ્યા છે તે મોટો પ્રશ્ન છે. આટલા વર્ષો પછી સાક્ષીઓની યાદશક્તિ, તેમનાં નિવેદનોની સુસંગતતા, અને તેમના પરનું રાજકીય કે આર્થિક દબાણ તપાસીને ક્રોસ-વેરિફિકેશન કરવું નાકે દમ લાવનારું કામ બનશે. ૬ વર્ષ જૂના કૉલ ડિટેલ રેકોર્ડ્સ (CDR), ટાવર લૉકેશન અને વ્હોટ્સએપ ચેટ્સ મેળવવા એ કાનૂની અને ટેકનિકલ રીતે અત્યંત જટિલ પ્રક્રિયા છે.

સીબીઆઈ માટે આ કેસ માત્ર એક રહસ્ય ઉકેલવાનો નથી, પરંતુ દેશની સૌથી ભરોસાપાત્ર તપાસ એજન્સી તરીકે પોતાની ખરડાયેલી સાખ બચાવવાનો પણ છે. દિશા સાલિયાન અને સુશાંત સિંહ રાજપૂત કેસ શરૂઆતથી જ માત્ર એક કાનૂની કેસ નથી રહ્યો, પરંતુ મહારાષ્ટ્રના રાજકારણનો સૌથી ગરમ અને ચર્ચાસ્પદ મુદ્દો બની રહ્યો છે. ભાજપ અને શિવસેના (શિંદે જૂથ) ના નેતાઓ દ્વારા તત્કાલીન મહા વિકાસ અઘાડી (એમવીએ) સરકાર પર સતત આરોપો મૂકવામાં આવ્યા હતા. આક્ષેપ એવો હતો કે એમવીએ સરકારના સમયના એક વજનદાર, વગદાર અને યુવા નેતાની આ ઘટનામાં સીધી સંડોવણી હતી. તેમને અને તેમના વગદાર મિત્રોને બચાવવા માટે તત્કાલીન સરકારે પોલીસ કમિશનર અને સત્તાવાર તંત્રનો ઉપયોગ કરીને પુરાવા રફેદફે કર્યા હતા અને સીસીટીવી ફૂટેજ ગાયબ કરી દીધા હતા.

બીજી તરફ, વિપક્ષ (ઉદ્ધવ ઠાકરે જૂથ અને એનસીપી)નો આરોપ છે કે આ માત્ર ને માત્ર રાજકીય બદલાની ભાવનાથી પ્રેરિત અને વિપક્ષી નેતાઓને બદનામ કરવાની ચાલ છે. જ્યારે જ્યારે મહારાષ્ટ્રમાં ચૂંટણીઓ નજીક આવે છે કે રાજકીય સમીકરણો સાધવાના હોય છે, ત્યારે જ આ જૂની ફાઈલોનાં દફતર ખોલવામાં આવે છે, જેથી યુવા નેતૃત્વની છબી ખરડાઈ શકે.

વાસ્તવિકતા એ છે કે આ રાજકીય ખેંચતાણ, કાદવ-ઉછાળ અને રોટલા શેકવાની હોડમાં મૂળ મુદ્દો – એક ૨૮ વર્ષની હોનહાર યુવતીના મોતનું સાચું કારણ અને સુશાંતના મોત પાછળનું રહસ્ય – ક્યાંક પાછળ છૂટી જાય છે.

દિશા સાલિયાન કેસને સુશાંત સિંહ રાજપૂતના કેસથી અલગ કરીને જોવો એ તપાસની સૌથી મોટી ભૂલ બની શકે છે. જો સીબીઆઈ દિશાના મોત પાછળના સાચા કારણો (પછી તે હત્યા હોય, દુષ્પ્રેરણા હોય કે આત્મહત્યા) સુધી પહોંચી શકે છે, તો સુશાંતના મોત પાછળનું રહસ્ય આપોઆપ ઉકેલાઈ જવાની પૂરી શક્યતા છે. જો દિશાના કેસમાં કોઈ મોટાં નામો અને બોલિવૂડ-રાજકારણની કાળી સિન્ડિકેટ બહાર આવે છે, તો એ સાબિત થશે કે ૨૦૨૦માં મુંબઈ પોલીસે રચેલી 'આત્મહત્યાની થિયરી' માત્ર એક બનાવટ હતી. આ કેસ એ વાતનું પણ પ્રતીક છે કે આપણી સ્થાનિક પોલીસ અને તપાસ પ્રણાલી પરથી જનતાનો વિશ્વાસ કેટલો ડગી ગયો છે. નાની-નાની બાબતોમાં જો નાગરિકોએ સીબીઆઈ કે હાઈકોર્ટ સુધી જવું પડે, તો તે સ્થાનિક પોલીસ તંત્રની નિષ્ફળતા દર્શાવે છે. દિશા સાલિયાન કેસમાં સીબીઆઈની FIR એ માત્ર એક નવી શરૂઆત છે, કોઈ અંત નથી. આ કેસ મહારાષ્ટ્રના રાજકારણ માટે ભલે એકબીજા પર દોષારોપણ કરવાનું સાધન હોય, પરંતુ દેશની ન્યાય વ્યવસ્થા અને તપાસ એજન્સીઓ માટે આ એક બહુ મોટી કસોટી છે.

તપાસ એજન્સીઓએ રાજકીય આકાંક્ષાઓ, નેતાઓના દબાણ અને મીડિયા ટ્રાયલથી પર રહીને કામ કરવું પડશે. દિશા સાલિયાનના માતા-પિતા અને સુશાંતના ચાહકો છેલ્લા છ વર્ષથી જે માનસિક યાતના અને અનિશ્ચિતતા ભોગવી રહ્યા છે, તેનો કાયમી અંત આવવો જ જોઈએ.

હવે જોવાનું એ રહેશે કે સીબીઆઈ કેટલી ઝડપથી અને કેટલી તટસ્થતાથી પોતાનો તપાસ અહેવાલ કોર્ટ સમક્ષ રજૂ કરે છે. શું આ તપાસથી છ વર્ષ જૂના રહસ્ય પરથી પડદો ઊંચકાશે અને સાચા દોષિતો જેલના સળિયા પાછળ જશે, કે પછી આ કેસ પણ રાજકારણના આંટાફેરામાં ઉલઝાઈને ફાઈલોના દફતરે બંધ થઈ જશે? દેશની જનતા અને ન્યાયપ્રિય નાગરિકો અત્યારે તો એક જ આશા રાખીને બેઠા છે – સત્યમેવ જયતે.

T-20 ની વિચારધારા

આંખની અટારી
★ હેમુ ભીખુ

હવે કોઈની પાસે સમય નથી. જો ટૂંકમાં પતતું હોય તો લાંબું કરવામાં કોઈને રસ નથી. જે ટૂંકમાં પતી શકે તેમ ન હોય, તો તેને ટૂંકમાં પતી શકે તેવી ફોર્મેટમાં ગોઠવી દેવામાં રસ છે. ગુણવત્તા સાથે બાંધછોડ કરવાની તૈયારી છે, સમય વધારે નથી આપવો, પણ પૈસા વધુ આપવાની તૈયારી છે અને સમયને તો નીચોવીને માણી લેવો છે. એક સાથે બે-ચાર ખુશી મળતી હોય તો બધું સારું, દરેક ખુશી માટે અલગથી સમય ફાળવવાની ઈચ્છા હવે લોકોને નથી થતી. આ માટે વિકલ્પો પણ મળી રહે છે. પ્રશ્ન એ થાય કે વિકલ્પો મળવાથી લોકોની માનસિકતા એ રીતે કેળવાઈ છે કે લોકોની માનસિકતાને કારણે આ પ્રકારનાં વિકલ્પો ઊભા થયા છે. લાગે છે કે આ પરસ્પરનો વ્યવહાર છે. પરંતુ વાસ્તવિકતા તો એ જ છે કે આ એક T-20 જેવા 'કોન્સન્ટ્રેટેડ ડોઝ'નો જમાનો છે.

T-20 દ્વારા એ સ્થાપિત થાય છે કે જે સમય છે તેમાં દરેક પ્રકારની ખુશી, વિવિધ પ્રકારની ભાવાત્મક અભિવ્યક્તિ, જે તે પ્રકારના તરફેણને કારણે ઊભો થતો ઉશ્કેરાટ, પરિણામ પ્રાપ્ત કર્યાનો સંતોષ, સાથે સાથે નજીકના ભવિષ્યમાં જ ઊભાં થનારાં નવાં પરિણામ જાણવાની તત્પરતા, પ્રત્યેક સંજોગોમાં વિવિધતા માટેનો આગ્રહ, નીરસ આંકડાઓમાં દર્શાવાતો રસ, અને અંતે ખાધું-પીધું અને 'ભૂલી ગયાં' પ્રકારની માનસિકતા - જેવી બાબતોમાં જ લોકોને હવે રસ છે. સમાજને હવે ગ્લાસમાંથી એક-એક ઘૂંટડો નથી પીવો, 'શરબત'ની આખી બાટલી જ મોઢે માંડવી છે. હવે પાંચ દિવસમાં પણ અનિર્ણાયક રહેતી મેચ જોવામાં કોઈને રસ નથી, પરિણામ જોઈએ છે, જલ્દી પરિણામ જોઈએ છે, પાંચ દિવસમાં દસ પરિણામ જોઈએ છે, આક્રમકતાથી તાત્કાલિક મેળવેલું પરિણામ જોઈએ છે, પ્રત્યેક દડે ઉશ્કેરાટ અનુભવવો છે, અનિશ્ચિતતા માટે વધુ લગાવ છે, કલાત્મક રમતમાં નહીં પરંતુ શક્તિ-પ્રદર્શન માટે વધુ રસ છે - રમત દ્વારા મનોરંજન મેળવવાનો સમાજનો અભિગમ જ બદલાતો હોય તેમ જણાય છે. શાસ્ત્રીય ક્રિકેટમાં હવે રસ નથી, શાસ્ત્રીય ચલચિત્રમાં પણ હવે રસ નથી, હવે શાસ્ત્રીય સંગીત કે નૃત્યમાં તો રસ ક્યાંથી હોય. હા, અપવાદ હોય છે.

T-20 દ્વારા રમત અને ખેલાડી વચ્ચેનું સમીકરણ પણ વ્યક્તિગત બનતું જાય છે. એ પણ સમજવાની વાત છે કે આઈપીએલ સ્પર્ધામાં જે વધારે પૈસા આપે તેના માટે ખેલાડી રમે છે. અહીં ખેલાડીને પોતાના શહેર કે પોતાના રાજ્ય માટે લગાવ નથી, પૈસો જ મહત્ત્વનો છે, પૈસો જ ભાગ ભજવી જાય છે, પૈસો જ દરેક જગ્યાએ બોલે છે અને પૈસો જ અંતિમ નિર્ણય લે છે. વ્યવહારુ દૃષ્ટિએ આ યોગ્ય છે. દલીલ કરી શકાય કે અંતે તો ક્રિકેટ રમાય છે અને ક્રિકેટની જીત થાય છે. વાત સાચી પણ છે. તો પછી પ્રશ્ન એ થાય છે કે જુદી-જુદી ટીમનાં નામ સાથે રાજ્ય કે શહેરના નામ શું કામ સાંકળવામાં આવે છે. ટીમને ક-ખ-ગ-ઘ નામ પણ આપી શકાયાં હોત. એક તરફ નામ સાથે લાગણી જોડવી છે અને બીજી તરફ પૈસા આધારિત 'રમત' રમવી છે. સાંપ્રત સમયનું આ એક 'ભયાનક' સત્ય છે. કોઈપણ સ્વરૂપની સંદર્ભતા ન હોય તો પણ જે તે બાબત થકી લોકોની ભાવના સાથે રમત રમવામાં આવે છે. સાંપ્રત સમયનો આ સમગ્ર ખેલ માત્ર કમાણી માટે છે, કોની કમાણી, તેનો જવાબ કોઈપણ આપી શકે.

અહીં ખેલાડીને પોતાના શહેર કે પોતાના રાજ્ય માટે લગાવ નથી, પૈસો જ મહત્ત્વનો છે, પૈસો જ ભાગ ભજવી જાય છે, પૈસો જ દરેક જગ્યાએ બોલે છે અને પૈસો જ અંતિમ નિર્ણય લે છે

T-20નું ક્રિકેટ એ સાંપ્રત માનવીની માનસિકતા સમજવા માટે શ્રેષ્ઠ ઉદાહરણ બની શકે તેમ છે. હવે ટૂંકા સમયમાં આનંદ મેળવી લેવો છે, આનંદની ગુણવત્તા માટે કોઈ પ્રશ્ન નથી. હવે ફટાફટ જીત કે હાર જોઈ લેવી છે. પછી તે જિંદગી હોય કે રમતગમત, કોઈપણ બાબત પ્રાપ્ત કરવા માટે લાંબી લડત આપવાની કોઈને ઈચ્છા નથી. કાં તો હારી જવું છે કાં તો જીતી જવું છે. કાં તો ખુશ થવું છે કાં તો નિરાશ થવું છે. કાં તો પ્રાપ્ત કરવું છે કાં તો ગુમાવી દેવું છે. જુગારમાં કાં તો અખૂટ મેળવી લેવું છે કાં તો બધું જ ગુમાવી દેવું છે. મજાની વાત એ છે કે આ T-20 'કલ્ચર' જુગારને વ્યવસ્થિત રીતે પ્રોત્સાહન આપે છે, અને આ પ્રોત્સાહન આપનારાં 'આદર્શ' રમતવીરો છે. આ T-20 એ વાત તો સરળતાથી શીખવે છે કે પૈસા કે ઈચ્છિત મનોરંજન મળતું હોય તો બધું જ યોગ્ય ગણાશે.

હવે બધું તૈયાર જોઈએ છે. તૈયાર નહીં તો ઝડપી જોઈએ છે.

આ ઝડપમાં ક્યાંક ગુણવત્તાનો ભોગ લેવાય તો તેનો કોઈ અફસોસ નથી. એક વસ્તુ પ્રાપ્ત કરી લેવી છે અને પછી તરત જ તે બીજી વસ્તુ તરફ દોટ મૂકવી છે. ક્યારેક તો એમ જણાય છે કે વ્યક્તિએ ૨૪ કલાકની અંદર ૪૮ કલાકની મજા મેળવી લેવી છે. સાંપ્રત પ્રવાહ જોતાં એમ જણાય છે કે હવે અભ્યાસમાં તાત્કાલિક ડિગ્રી મેળવી લેવી છે, અઠવાડિયાની અંદર આખા યુરોપમાં ફરી વળવું છે, ટૂંકા ગાળામાં જ સામાજિક દૃષ્ટિકોણ પ્રમાણે 'શ્રેષ્ઠ' કહી શકાય તેવાં ઘર-ગાડી-લાડી પ્રાપ્ત કરી લેવાં છે, નોકરી મેળવવાની સાથે જ પ્રમોશન મેળવી લેવું છે, 'કૌન બનેગા કરોડપતિ'માં ભાગ લઈને મિનિટોમાં જ કરોડપતિ થઈ જવું છે, બે-ચાર રીલ બનાવીને 'ઈન્ફ્લુએન્સર' તરીકે ક્રિએટિવિટીના ફિલ્ડમાં ભ્રામક ડંકો વગાડી દેવો છે, ચેટ જીપીટી વાપરીને પોતાની જાતને જાણકાર તરીકે અથવા જ્ઞાની તરીકે સ્થાપિત કરી દેવી છે - એકંદરે ઓછા સમયમાં, ઓછા પ્રયત્નથી શક્ય તેટલું વધુ પ્રાપ્ત કરી લેવું છે. જોકે આના ફાયદા પણ છે, પરંતુ લાંબા ગાળે ફાયદા કરતાં ગેરફાયદા વધુ તીવ્રતાથી ઊભરીને બહાર આવશે, એમ માની શકાય. આ છે T-20ની વિચારધારા.